અપીલ અરજીનં.૧૫૮ તા.૬–૭–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રાજેશ જશવંતભાઈ પાવઠાવાલા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજેશ જશવંતભાઈ પાવઠાવાલાની તા.૩૦–૪–૧૧ની અરજીથી આ દાવા પ્રકરણમાં સુરત મહાનગરપાલિકા તરફે શ્રી કે.જે.શર્માની નિમણૂક થયેલ જે ઝડપી નિકાલ માટે એડવોકેટશ્રી પાસેથી પરત લઈ અન્ય એડવોકેટને સોપવા નીયત કરેલ છે તથા તા.૧૪/૧૦/૧૦ ના રોજ કરેલ આરટીઆઈ એકટ હેઠળ માહિતી અરજી જેની માહિતી આપતો પત્ર તા.૨/૧૧/૧૦ પત્રમાં ઉપરોકત દાવા પ્રકરણનો રેકર્ડ ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે તો આપશ્રીને જણાવવાનું કે રે.દિ.મુ.૪૬૬/૮૯ વાળા દાવા પ્રકરણમાં કયા એડવોકેટને સોંપવામાં આવેલ છે. તેમાં તેઓને જે પણ પેપર આપેલ હોય એટલે કે કોર્ટ બ્રીફ તથા તેને સંલગ્ન પેપરની સહી સિકકાવાળી તમામ નકલ જે માહિતી અધિનિયમ ૨૦૦૫ અન્વયે પ્રતિબંધિત ન હોય તેવા તમામ કાગળો આપવા અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૬–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૫૮/૨૦૧૧–૧૨

શ્રી રાજેશ જશવંતભાઈ પાવઠાવાલાની તા.૩૦–૪–૧૧ની અરજીથી આ દાવા પ્રકરણમાં સુરત મહાનગરપાલિકા તરફે શ્રી કે.જે.શર્માની નિમણૂક થયેલ જે ઝડપી નિકાલ માટે એડવોકેટશ્રી પાસેથી પરત લઈ અન્ય એડવોકેટને સોપવા નીયત કરેલ છે તથા તા.૧૪/૧૦/૧૦ના રોજ કરેલ આરટીઆઈ એકટ હેઠળ માહિતી અરજી જેની માહિતી આપતો પત્ર તા.૨/૧૧/૧૦ પત્રમાં ઉપરોકત દાવા પ્રકરણનો રેકર્ડ ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે તો આપશ્રીને જણાવવાનું કે રે.દિ.મુ.૪૬૬/૮૯ વાળા દાવા પ્રકરણમાં કયા એડવોકેટને સોંપવામાં આવેલ છે. તેમાં તેઓને જે પણ પેપર આપેલ હોય એટલે કે કોર્ટ બ્રીફ તથા તેને સંલગ્ન પેપરની સહી સિકકાવાળી તમામ નકલ જે માહિતી અધિનિયમ ૨૦૦૫ અન્વયે પ્રતિબંધિત ન હોય તેવા તમામ કાગળો આપવા અંગે માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૯૦ તા.૬–૬–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ ,આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહપહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૮૦ તા.૧૪–૭–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં કઈ મુળ અરજીઓ પૈકી કઈ તારીખની અરજી અન્વયે અપીલ છે તે સ્પષ્ટ કરવા તથા ૩૦/૪/૧૧ની અરજી ફી જમા કરાવ્યાનીવિગત રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વરાછા/આરટીઆઈ/આ.નં.૯૦ તા.૨૫–૭–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ,નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ /આરટી આઈ/ ૯૦ તા.૬–૬–૧૧ ના પત્રની નકલ, અરજદારને તા.૨૭–૮–૧૦ ની અરજી બાબતે આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૭૨ તા.૨૧–૯–૧૦ ના પત્રની નકલ તેમજ અરજદારની તા.૧૪–૧૦–૧૦ ની અરજી બાબતે આપેલ માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/ ૫૦૪ તા.૨–૧૧–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૩૦–૪–૧૧ ની અરજીથી પુષ્પક કો.ઓ.હા.સો.લી. રે.સ. નં.૧૨૩ ત્રણ પાનના વડ પાસે ફુલપાડા અશ્વનીકુમાર, સુરત વાળી મિલ્કત પર દાવા પ્રકરણ થયેલ હતું જેની તા.૨૭–૮–૧૦ ના રોજ આરટીઆઈ હેઠળ માહિતી મેળવવા કરેલી અરજી બાબતે તા.૨૧–૯–૧૦ થી માહિતી આપેલ. આ દાવા પ્રકરણમાં સુરત મહાનગરપાલિકા તરફે શ્રી કે.જે.શર્માની નિમણૂક થયેલ જે ઝડપી નિકાલ માટે એડવોકેટશ્રી પાસેથી પરત લઈ અન્ય એડવોકેટને સોપવા નીયત કરેલ છે તથા તા.૧૪/૧૦/૧૦ના રોજ કરેલ આરટીઆઈ એકટ હેઠળ માહિતી અરજી જેની માહિતી આપતો પત્ર તા.૨/૧૧/૧૦ પત્રમાં ઉપરોકત દાવા પ્રકરણનો રેકર્ડ ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે તો આપશ્રીને જણાવવાનું કે રે.દિ.મુ.૪૬૬/૮૯ વાળા દાવા પ્રકરણમાં કયા એડવોકેટને સોંપવામાં આવેલ છે. તેમાં તેઓને જે પણ પેપર આપેલ હોય એટલે કે કોર્ટ બ્રીફ તથા તેને સંલગ્ન પેપરની સહી સિકકાવાળી તમામ નકલ જે માહિતી અધિનિયમ ૨૦૦૫ અન્વયે પ્રતિબંધિત ન હોય તેવા તમામ કાગળો આપવા અંગે માહિતી આપવા બાબત. જો આ પેપરો ઉપલબ્ધ ન હોય તો આ અંગે વરાછાઝોનના ઉપરી અધિકારીને લેખિતમાં જાણ કરેલ છે તેમજ પોલીસ ફરીયાદ કરવી પડે અને એફઆરઆઈ લેવી પડી હોય તો તે કરેલ છે તો આ અંગે કયા પગલા ભર્યા છે અને શું કાર્યવાહી કરી છે તે અંગેની માહિતી આપવા નમ્ર વિનંતી. માંગવામાં આવેલી માહિતી પ્રતિબંધો હેઠળની નથી તેવું જણાવતી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તા.૬–૬–૧૧ ના રોજ " મુળ દાવા પ્રકરણ અગાઉના એડવોકેટશ્રી કે.જે. શર્મા પાસેથી પરત લેવાનાં બાકી છે જે પરત મળ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. " તેવું નિયત સમય અવધિ બાદ વિલંબથી જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં (૧) સદર મિલ્કતના બાંધકામ બાબતે દુર કરવા બાબતેની રજૂઆત કરેલ છે. જે અરજદારની

રજૂઆત માહિતી મેળવવાની નહીં પરંતુ કાર્યવાહીને લગતી રજૂઆત કરેલ છે. અપીલના મુદ્દા નં.૨ માં અરજદારે ગેરકાયદેસર બાંધકામ દુર કરવા બાબતેની કાર્યવાહીની રજૂઆત કરેલ છે અને તે બાબતે જવાબ મળ્યો નથી તેવી રજૂઆત કરેલ છે. જે અરજદારની કાર્યવાહીને લગતી રજૂઆત છે.તેમજ અપીલ નં.૩૫૪ આરટીઆઈ સેલ/૩૫૬ તા.૨૫–૨–૧૦ થી કરેલ હુકમ બાબતે માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારે હુકમની તારીખથી નારાજગી કે માહિતી નહીં મળ્યેથી આરટીઆઈ એકટની કલમ–૧૯(૩) હેઠળ દિન–૯૦ માં ગુજરાત માહિતી આયોગ, સેકટર–૧૮,અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર , નિયામકની કચેરી, ગાંધીનગરને બીજી અપીલ કરવા હકદાર છે. અપીલના મુદ્દા નં.૩ રે.દિ.મું નં. ૪૬૬ ૧૯૮૯ વાળા દાવા પ્રકરણ અંગે કાગળોની અનેક વખત માંગણી કરી હોવા છતાં આજ દિન સુધી તેવા કોઈ કાગળો પૂરા પાડવામાં આવ્યા નથી. એટલું જ નહીં પરંતુ અગાઉ માહિતી અધિકાર હેઠળ સદર દાવાનું બ્રીફ એડવોકેટશ્રી કંચનલાલ શર્મા પાસે છે એવી માહિતી આપવામાં આવેલ. જેથી એડવોકેટશ્રી કંચનલાલ શર્માને તા.૯–૮–૧૦ ના રોજ નોટીસ આપવામાં આવેલ. જેના જવાબમાં એડવોકેટશ્રી કંચનલાલ શર્માએ એવું સ્પષ્ટ જણાવેલ કે સદર દાવાના કામમાં એડવોકેટશ્રી જે.આઈ કાપડીયા સાહેબ હતાં અને અને તેમને છુટા કર્યા બાદ દાવાનું બ્રીફ કંચનલાલ શર્માને સુપ્રત કરવામાં આવેલ. પરંતુ તેઓએ નોટીસમાં જણાવેલી દાવા વિશેની કોઈ માહિતી આપેલી નહીં. જે પત્ર વ્યવહાર અરજદાર અને ત્રાહિત પક્ષકાર એડવોકેટ વચ્ચેનો છે. (૪) સુરત મહાનગપાલિકા ધ્વારા વાદગ્રસ્ત જમીનમાં આવેલ ગેરકાયદેસરનું બાંધકામ દુર નહીં કરવા અંગે નામદાર કોર્ટનો સ્ટે. હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. પરંતુ આવો કોઈ સ્ટે છે કે કેમ? તે અંગેનો કોઈ પૂરાવો માંગવા છતાં આપવામાં આવતો નથી. તેવા પ્રશ્ન બાબતે અરજદારે સરખા વિષય વસ્તુ અંગે કરેલ તા.૧૭–૧૧–૦૯ ની અરજીથી માંગેલ માહિતીમાં અરજદારને બાંધકામ બાબતે કરેલ કાર્યવાહીની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. ત્યાર બાદ સદર માહિતીમાં સ્ટે ઓર્ડર હોવાનું જણાવેલ છે. તેમજ તાજેતરમાં સદર અરજીની માહિતીમાં સ્ટે ઓર્ડર બાબતેની નકલ હાલમાં દફતર ઉપર ઉપલબ્ધ ન હોવાનું પણ જણાવેલ છે. (૫) આમ આથી સ્પષ્ટ થાય છે કે સુરત મહાનગપાલિકાના જે તે અધિકારીએ પોતાની ફરજ પ્રત્યે ખુબ જ બેદારકારી સેવી રહયા છે અને તેઓની બેદરકારીને કારણે ટ્રસ્ટની માલીકીની ખેડખાતાની જમીનને નાણાથી ભરપાઈ નહીં થઈ શકે તેવું ગંભીર નુકશાન થઈ રહયું છે. વધુમાં જયારે સંસ્થાના અધિકારીઓ નામદાર કોર્ટનો સ્ટે હોવા બાબતનો જે ઉલ્લેખ કરે છે તે બાબતે જયારે તેમની પાસે કોઈ પુરાવો નથી તો કયા આધારે સ્ટે હોવા બાબતનો ઉલ્લેખ કરવામાં આવે છે? તે પણ સમજાતું નથી. આમ હરકોઈ સંજોગોમાં અને હરકોઈ હકીકતમાં સંસ્થાના અધિકારીઓ જાણીજોઈને ઈરાદાપૂર્વક પોતાની પાસે માહિતી હોવા છતાં સદર બાબતેનો કોઈ પુરાવો આપતા નથી. જે પુરાવો આપવા જરૂરી હુકમ થવાની જરૂર છે. મજકુર હુકમ કરતાં પહેલા અમોને સાંભળવાની કોઈ તક આપવામાં આવી નથી કે અમારી કોઈ રજૂઆત મેળવવામાં આવી નથી. આમ મજકુર હુકમ કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધનો હોય મજકુર હુકમ રદ કરવાની જરૂર છે. જે અંગેની હકીકત મુદ્દા નં.૪ માં ઉલ્લેખ કરેલ છે. (૬) મજકુર હુકમ યાંત્રિક રીતે કોઈ પણ રેકર્ડની ચકાસણી કર્યા વગર અને પોતાની ફરજો અદા કર્યા વિના આપી દેવામાં આવેલ છે. જેથી પણ મજકુર હુકમ રદ કરવાની જરૂર છે. તેવી રજૂઆત કરેલ છે.

અરજદારે કરેલ તા.૬–૭–૧૧ ની અપીલમાં જાહેર માહિતી અધિકારીના તા.૬–૬–૧૧ ના પત્રથી આપેલ માહિતી સામે નારાજગી હોવાની રજૂઆત કરેલ છે. તા.૬–૬–૧૧ ના રોજના જાહેર માહિતી અધિકારીના પત્ર અરજદારની તા.૩૦–૪–૧૧ ની મુળ અરજીના અનુસંધાને છે. તા.૩૦–૪–૧૧ ની અરજીથી અરજદારે રે.દિ.મુ. ૪૬૬/૮૯ વાળાના દાવાના પ્રકરણમાં કયા એડવોકેટને સોંપેલ છે તે તથા તેની કોર્ટ ની બ્રીફ તપાસ સંલગ્ન પેપેર્સની માહિતી માંગેલ છે. અરજદારને અપીલ તબકકે તેમની ઘણી બધી અરજીઓની રજૂઆત પૈકી કઈ અરજી અંગે મળેલ પ્રત્યુત્તર સામે નારાજગી છે તે સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. પરંતુ તેવી કોઈ વિગતો તેમણે જણાવેલ નથી. જાહેર માહિતી અધિકારીએ તા.૩૦–૪–૧૧ ની અરજી બાબતે " મુળ દાવા પ્રકરણ અગાઉ એડવોકેટશ્રી શર્મા પાસેથી પરત લેવાના બાકી છે જે પરત મળ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ છે. જેની સામે અરજદારની અપીલમાંની રજૂઆત ૪૬૬/૮૯ માં સ્ટે ઓર્ડર આવતા કામગીરી બંધ રાખવામાં આવેલ. તેઓ જાહેર માહિતી અધિકારીના તા.૧૦–૧૧–૦૯ નો પ્રત્યુત્તર ધ્યાને લેતાં અરજદારને આ પૈકીની ઉપલબ્ધ દફતરી માહિતી આપવા જોગ થાય. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારીએ સ્ટે ઓર્ડર સંદર્ભ જણાવતા હોય તો તે સંજોગોમાં તેની નકલ અને સાધનિક કાગળો મનપા દફતરે હોવાનું અનુમાનિત થાય.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૩૦–૪–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતીમાં રે.દિ.મું ૪૬૬/૮૯ ના દાવા પ્રકરણના પેપર્સ અંગેની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ તે દાવાની કામગીરી સંભાળતાં એડવોકેટ કે.જે.શર્માની કામગીરી અન્ય વકીલ સોંપવામાં આવેલ છે કે કેમ? તેવા અરજદારના પ્રશ્ન અંગે નહીં પૂરી પડાયેલ માહિતી મનપા તરફથી તે અંગે કોઈ એડવોકેટની નિયુકિત થઈ હોય તો દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા તથા જાહેર માહિતી અધિકારીના તા.૧૦–૧૧–૦૯ ના પત્રના ઉપલક્ષ્યમાં બાબત હેઠળના દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડી તે પૈકી મુળ માહિતીના ઉપલક્ષ્યમાં અરજદાર માંગે તે નકલો પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રાજેશ જશવંતભાઈ પાવઠાવાલા,